**647510** **0101201C1042** **Seat No: ___________**

# B.A. Semester - 2 (CBCS) Examination
## March/April- 2018
## GUJARATI P4 SARJAN LEKHAN KAUSHAL-2
## (CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન – ૧ નીચેનામાંથી ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને કયારક તો માત્ર પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકાર, જ્ઞાન, માહિતી કંઈ કેટલુય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.

– શ્રી મોહમ્મદ માંકડ

અથવા

પ્રશ્ન – ૧

દરેક જમાનાનું સાહિત્ય પોતાના જમાનાની વસ્તુસ્થિતિ રજુ કરે છે અને તેના સત્યને હ્રદયગમ્ય કરે છે. વિવેચન, દેવ આગળ ધરાવેલા દીપની પેઠે સર્જન સાહિત્યનું અર્ચન કરે છે. તેમાં સૌંદર્યને સ્ફૂત કરે છે, એટલુ જ નહિ, તેને જીવતું પણ રાખે છે. વિવેચન એ સાચા જીવતા સાહિત્યનો વાઙ્મય પ્રાણ ધબકાર છે. વિવેચનથી જ સર્જન સાહિત્ય નવે નવે યુગે નવતા ધારણ કરે છે. નવયુગ અભિમુખ થાય છે, નવા યુગને ગ્રાહય થાય છે. સાચુ સર્જન અને સાચુ વિવેચન ભાવ, ચિંતન અને વિચારોના ભાવ ઝોક પણ બતાવે છે. સર્જન અને વિવેચન પોતાના જમાનાની જીવન ફિલસૂફી ઘડે છે.

– રા.વિ.પાઠક

પ્રશ્ન – ૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. (૧૪)

એકાગ્રતાની શકિત જેમ વધુ ને વધુ કેળવાતી જશે, તેમ તેમ વધુ ને વધુ જ્ઞાનપ્રાપ્તિ થશે. જ્ઞાનપ્રાપ્તિનો આ જ માત્ર ઉપાય છે. બુટ–પાલિશવાળો પણ જેટલો વધારે એકાગ્ર થશે, તેટલો તે જોડાને વધારે ચમકવાળા બનાવશે; એ જ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધારે સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શકિત જેટલી વધારે, તેટલુ તે કાર્ય વધારે સારું થશે. માનવીઓની શકિતઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધુ જ્ઞાન કયાં મેળવાયુ છે ? આપણે એના દ્વાર કેમ ખખડાવવા તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેના રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શકિત આવે છે.

– સ્વામી વિવેકાનંદ

અથવા

પ્રશ્ન – ૨

મનુષ્યમાત્રનો પોતાના પાડોશી પ્રત્યે પહેલો ધર્મ છે. એમાં પરદેશીનો દ્વેષ નથી અથવા સ્વદેશીનો પક્ષપાત નથી. શરીરધારીની સેવા કરવાની શકિતને મર્યાદા છે. એ પોતાના પડોશી પાસે મુશ્કેલીથી પહોંચી શકે છે. પોતાના પડોશી પ્રત્યેનો ધર્મ સહુ બરોબર પાળે, તો જગતમાં કોઈ મદદ વિના દુઃખી ન થાય. પડોશીની સેવા કરનાર આખા જગતની સેવા કરે છે એમ કહી શકાય. પડોશી પ્રત્યેના ધર્મનું પાલન એટલે જગત પ્રત્યેના ધર્મનું પાલન. જગતની સેવા બીજી રીતે અશકય છે. જે પડોશીને તરછોડે છે ને પોતાના શોખને પૂરે છે તે સ્વેચ્છાચારી છે, સ્વછંદી છે, તે માત્ર પોતાના માટે જ જીવે છે. જેને મન આખુ જગત કુટુંબ છે તેનામાં બધાની સેવા કરવાની શકિત હોવી જોઈએ. જગતની સેવા પડોશીની સેવા વડે જ થઈ શકે.

– ગાંધીજી

પ્રશ્ન – ૩ વિરામચીહ્નો એટલે શું ? ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા વિવિધ વિરામચીહ્નોને ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

અથવા

પ્રશ્ન – ૩ નીચેના વાકયોમાં વિરામચીહ્નો મૂકી વાકયો ફરીથી લખો.

(૧) હું ખોટો ઠર્યો મને અતિશય દુ:ખ થયું હું ખોટો નથી એ કેમ સિઘ્ધ કરું

(૨) મેં મારા અક્ષર પાછળથી સુધારવાનો પ્રયત્ન કર્યો પણ પાકે ઘડે કાંઈ કાંઠા ચડે

(૩) ધીરજકાકા એવું શું બોલો છો મારી બા કહે એટલે એ વાત ફેરવે ચાલ દોસ્ત શીખવું બોલ

(૪) મેં પૂછયું કેમ પાવલી ચાલી કે

(૫) આવતીકાલના ફીસ્ટમાં લાડુ નું જમણ આ વાંચતા જ દેવશંકર માસ્તર થંભી ગયા

(૬) બા તું આજે મને કશાયની ના નહિ કહેતી આજે નહિ હું તને કેમ સમજાવું મને બારીએ લઈ જા

(૭) સરદારની ત્રણ લડતો નાગપુર બોરસદ બારડોલીમાંની ભારેમાં ભારે લડત આ હતી.

પ્રશ્ન – ૪ નીચે આપેલા રૂઢીપ્રયોગોના અર્થ આપો. (૧૪)

(૧) કાળા ધોળા કરવા.

(૨) છાતી ફાટી જવી.

(૩) પેટનો ખાડો પુરવો.

(૪) હાથ કાળા કરવા.

(૫) ઝાટકણી કાઢવી.

(૬) આત્મા ડંખવો.

(૭) ફજેતી થવી.

અથવા

પ્રશ્ન – ૪ કહેવતોના અર્થ આપો.

(૧) ખાળે ડૂચા ને દરવાજા ઉઘાડા

(૨) તરત દાન ને મહાપુણ્ય

(૩) દુકાળમાં અધિક માસ

(૪) નહી ઘરના કે નહી ઘાટના

(૫) પારકી મા જ કાન વીંધે

(૬) બકરું કાઢતા ઉંટ પેસે

(૭) બાવાના બેય બગડયાં

પ્રશ્ન – ૫ નીચેના માંથી કોઈપણ બે ના જવાબ આપો. (૧૪)

(૧) સમાસ એટલે શું ? ઉદાહરણ સાથે જણાવો.

(૨) કર્મધારય સમાસ ઉદાહરણ સાથે સમજાવો.

(૩) દ્વન્દ્વ સમાસના સાત વિગ્રહ સાથે ઉદાહરણ આપો.

(૪) બહુવ્રીહી સમાસના ઉદાહરણ વિગ્રહ સાથે આપો.

********************